હવે કેટલાક પારિભાષિક શબ્દો સમજી લઈએ. આગળ ઉપર વિસ્તારથી વિચારીશું.

<u>સમય</u>: આંખના એક પલકારામાં અસંખ્યાત સમય જાય.

<u>મુહૂર્ત</u>: ૪૮ મિનિટ

<u>અંતર્મુહૂર્ત</u>: ૪૮ મિનિટથી કંઈક ઓછો કાળ
એક મુહૂર્તમાં નિગોદના જીવો ૬૫૫૩૬ ભવ કરે છે.

<u>કોટાકોટી અથવા કોડાકોડી</u>: ૧ કરોડ × ૧ કરોડ = $૧ \times ૧૦^{૧૪}$

૧ <u>પૂર્વાંગ</u> = ૮૪ લાખ વર્ષ

૧ પૂર્વ = ૮૪ લાખ × ૮૪ લાખ વર્ષ અથવા ૮૪ લાખ પૂર્વાંગ

| | | |
|---|---|---|
| પલ્યોપમ | = | ૮ માઈલ લાંબો, ૮ માઈલ પહોળો, અને ૮ માઈલ ઉંડો કુવો (પલ્ય) હોય તેમાં તાજા જન્મેલા બાળકના વાળના અતિ સૂક્ષ્મ કટકા કરી કુવામાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે જરા પણ જગ્યા રહે નહીં. આ કુવામાંથી દર ૧૦૦ વર્ષે વાળનો એક ટુકડો બહાર કાઢવાનો અને કુવો પૂર્ણપણે ખાલી થતાં જે સમય થાય તે એક પલ્યોપમ. |
| સાગરોપમ | = | ૧૦ કોટાકોટી પલ્યોપમ |
| ચોવીસી | = | ૧૦ કોટાકોટી સાગરોપમ |

| અવસર્પિણીનો આરો | ઉત્સર્પિણીનો આરો | |
|---|---|---|
| પહેલો આરો | છઠ્ઠો આરો | = ૪ કોટાકોટી સાગરોપમ |
| બીજો આરો | પાંચમો આરો | = ૩ કોટાકોટી સાગરોપમ |
| ત્રીજો આરો | ચોથો આરો | = ૨ કોટાકોટી સાગરોપમ |
| ચોથો આરો | ત્રીજો આરો | = ૧ કોટાકોટી સાગરોપમ – ૪૨,૦૦૦ વર્ષ |
| પાંચમો આરો | બીજો આરો | = ૨૧,૦૦૦ વર્ષ |
| છઠ્ઠો આરો | પહેલો આરો | = ૨૧,૦૦૦ વર્ષ |
| | | ૧૦ કોટાકોટી સાગરોપમ |

**અનંત, અસંખ્યાત અને સંખ્યાતની સરખામણી**

અનંત > અસંખ્યાત > સંખ્યાત

**યથાપ્રવૃત્તકરણ:** "યથા" એટલે અનાયાસે, સહજ રીતે, વગર પ્રયત્ને. "પ્રવૃત્ત" એટલે આવેલો. "કરણ" એટલે અધ્યવસાય. આમ યથાપ્રવૃત્તકરણ એટલે આયોજનપૂર્વક જીવનો વિશેષ પુરુષાર્થ વિના આત્માનો અધ્યવસાય. જીવનના સુખ દુઃખમાંથી પસાર થતાં, કુદરતી નિમિત્તોથી ભદ્ર કે અભદ્ર જીવોને આવો અધ્યવસાય વારંવાર આવે. આ દષ્ટાંતને શાસ્ત્રમાં "નદી-ગોળ-પાષાણ ન્યાય" કહે છે. પર્વત પાસે વહેતી નદીના પ્રવાહમાં, પર્વત પરથી પડેલો વાંકો ચૂકો પત્થર, પ્રવાહમાં તણાતો, અથડાતો, કુટાતો તેની ધાર કપાઈને ગોળ અને લીસો થાય છે. આ પત્થરની જેમ આપણા જીવનમાં, આ સંસાર રૂપી નદીના વહેણમાં અથડાતો, તણાતો, સુખ દુઃખમાંથી પસાર થતાં, અનાયાસે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આ વૈરાગ્યને ભદ્રિક મનના અધ્યવસાયને યથાપ્રવૃત્તકરણ કહે છે.

યથાપ્રવૃત્તકરણ વડે આત્મા, મોહનીય કર્મની સ્થિતિ (મોહનીય કર્મ ક્યાં સુધી રહેશે તેને સ્થિતિ કહેવાય) જે ૭૦ કોડાકોડી સાગરોપમની હતી તેને તોડીને ફક્ત એક કોડાકોડી સાગરોપમમાં પણ કંઈક ઓછી અર્થાત્ અંતઃ કોડાકોડી સાગરોપમ જેટલી કરે છે. બરાબર તો આયુષ્ય કર્મ સિવાય બાકીના સાતેય કર્મોની સ્થિતિ તોડીને અંતઃ કોડાકોડી સાગરોપમ જેટલી કરે છે. અભવ્ય જીવો અહીં સુધી આવીને અટકી જાય અથવા પાછા ચાલી જાય.

ભવ્ય જીવો અટકે, પાછા પણ પડે પરંતુ પ્રયત્ન કરે તો આગળ વધી શકે.

**અનંતાનુબંધી કષાય:** અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચારને સંક્ષેપમાં અનંતાનુબંધી કષાય કહે છે. અનંતાનુબંધી = અનંત + અનુ + બંધી. કર્મવિજ્ઞાનમાં બંધ કરતા અનુબંધનું મહત્ત્વ વધુ છે. એકવાર કર્મનો બંધ થાય એટલે કે આત્મા ઉપર કર્મ રજકણો ચોંટી જાય અને જો પુરુષાર્થથી કર્મને તોડવામાં (નિર્જરા) ન આવે તો જ્યારે તે કર્મ ઉદયમાં આવે અને ફરીથી તેવો જ બંધ થાય તેને અનુબંધ કહે છે. આ રીતે પરંપરા ચાલુ રહે તેને અનંતાનુબંધી કહેવાય છે. દાખલા તરીકે કોઈની સાથે અણબોલા લીધા અથવા સંબંધ બગાડ્યો અને આપણે મનમાં ગાંઠ વાળીએ કે હવે આની સાથે જિંદગીભર નથી બોલવું અથવા નથી જોવું તો તે કર્મ અનંતાનુબંધી બની જાય છે અને આ ભવ તો શું પણ પરભવમાં અને અનેક ભવોમાં દુશ્મનાવટ વધતી જાય છે. અનંતાનુબંધીની આ સાંકળ એટલી જ સાવધાન. મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીની જોડી એવી છે કે બંને સાથે જ લગાલગ બંધ - ઉદયમાં આવે છે.

**મોહનીય ત્રિપુટી:** મોહનીય કર્મ બળવાન છે. મોહનીય કર્મના મુખ્ય બે વિભાગ છે. (૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય ઉદયમાં હોય તો શ્રદ્ધા ન થવા દે. ચારિત્ર મોહનીય ઉદયમાં હોય તો સાચું આચરવા ન દે.
દર્શન મોહનીય ના ત્રણ વિભાગ છે.

(૧) મિથ્યાત્વ મોહનીય (અતિ તીવ્ર કર્મ) અશુદ્ધ પુંજ
(૨) મિશ્ર મોહનીય (મધ્યમ રસવાળુ કર્મ) મિશ્ર પુંજ
(૩) સમ્યક્ત્વ મોહનીય (મંદ રસવાળુ કર્મ) શુદ્ધ પુંજ

આ ત્રણને મોહનીય ત્રિપુટી અથવા દર્શન ત્રિક કહે છે. ચારિત્ર મોહનીયના વિભાગો વિષે આપણે અત્યારે ચર્ચા કરતા નથી.

**દર્શન સપ્તક:** અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ (ચંડાળ ચોકડી) અને મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય (મોહનીય ત્રિપુટી) જ્યારે ભેગા (Merge) થાય છે ત્યારે દર્શન સપ્તક કહેવાય છે.

**ઉપશમ સમ્યક્ત્વ:** દર્શન સપ્તકનો ઉપશમ અર્થાત્ સાતમાંથી કોઈપણનો ઉદય ન હોય.

**ક્ષયોપશમ સમ્યક્ત્વ:** દર્શન સપ્તકના ચાર અનંતાનુબંધી ક્ષય અને મિશ્ર તથા મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ કરાય અને સમ્યક્ત્વ મોહનીયને ઉદયમાં લાવીને ભોગવવું તે ક્ષય.
ટૂંકમાં થોડો ઉપશમ અને થોડો ક્ષય

**ઉદાહરણ:** તમે ખાસ પુરુષાર્થ કરીને ક્લાસમાં આવ્યા છો. એટલે તે સમયે ઉદયમાં આવેલા જ્ઞાનાવરણીય (જ્ઞાન ઉપરનું આવરણ) ના તીવ્ર રસને સ્વાધ્યાય દ્વારા મંદ કરીને ભોગવ્યો છે તે ક્ષય થયો. સાથે સાથે ભવિષ્યમાં ઉદયમાં આવનારા કર્મનો તે સમયે ઉપશમ થયો છે. એટલે ક્ષય + ઉપશમ = ક્ષયોપશમ

**ક્ષાયિક:** દર્શન સપ્તકની સાતેય પ્રકૃતિનો ક્ષય કરવો.
ક્ષાયિક સમકિત મોક્ષમાં જાવું હોય તેવા ક્ષેત્રમાં અને તેવા કાળમાં જ પામી શકાય છે.

<u>નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવતસ્તન્ન્યાસઃ</u> ——— ૧-૫

નામ- સ્થાપના- દ્રવ્ય -ભાવતઃ તત્ ન્યાસઃ ——— ૧-૫

<u>સૂત્રાર્થ</u>: નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ (એ ચાર દ્વાર) વડે (જીવ, અજીવ વગેરે તત્ત્વોનો) ન્યાસ (નિક્ષેપ) થઈ શકે છે.

<u>ભાવાર્થ</u>: જ્ઞાન મેળવવાના માધ્યમને ન્યાસ અથવા નિક્ષેપ કહેવાય છે.

<u>નામ નિક્ષેપ</u>: કોઈપણ વ્યક્તિ કે વસ્તુનું નામ ન હોય તો વ્યવહાર ન ચાલે. વસ્તુ કે વ્યક્તિનું નામ જેવાકે ઘડો, રાગ, દ્વેષ, પ્રેમ, કરુણા પ્રકારે છે.

<u>સ્થાપના નિક્ષેપ</u>: કોઈપણ વ્યક્તિ કે વસ્તુની આકૃતિ, પ્રતિબિંબ, અથવા ચિત્ર જેવાકે ઘડો, રાગ દ્વેષ પ્રકાર હોય છે.

<u>દ્રવ્ય નિક્ષેપ</u>: વસ્તુ કે વ્યક્તિની ભૂતકાળની કે ભવિષ્યકાળની અવસ્થા

<u>ભાવ નિક્ષેપ</u>: વસ્તુ કે વ્યક્તિની વર્તમાન અવસ્થા.

<u>ઉદાહરણ</u>: સીમંધરસ્વામી.
તેમનું નામ લઈને યાદ કરીએ તે <u>નામ</u> નિક્ષેપ
તેમની પ્રતિમા (મૂર્તિ)નું દર્શન કરીએ તે <u>સ્થાપના</u> નિક્ષેપ
તેઓ કેવળી થયા તે પહેલા દ્રવ્ય નિક્ષેપે તીર્થંકર કહેવાય. નિર્વાણ પામીને મોક્ષમાં જશે તે પણ દ્રવ્ય નિક્ષેપે તીર્થંકર કહેવાશે.
અત્યારે (વર્તમાનમાં) મહાવિદેહ ક્ષેત્રમાં તેઓ વિચરી રહ્યા છે તે <u>ભાવ નિક્ષેપે</u> તીર્થંકર કહેવાય.

જેનો ભાવ નિક્ષેપો સારો તેના બીજા નિક્ષેપા સારા.
બાકી ઊલટું જેનો ભાવ નિક્ષેપો (ખરાબ) અશુભ તેના
બીજા નિક્ષેપા અશુભ:

<u>પ્રમાણ(ણ) નયૈર્ અધિગમઃ:</u> —————— ૧-૬

પ્રમાણ નયૈ: અધિગમ: —————— ૧-૬

<u>સૂત્રાર્થ:</u> પ્રમાણ અને નયો વડે (તત્ત્વોનો) બોધ થાય છે.
પ્રમાણ થી વસ્તુનો પૂર્ણ બોધ થાય છે જ્યારે નય થી
અપૂર્ણ એટલે કે આંશિક બોધ થાય છે.

<u>ઉદાહરણ:</u> જ્ઞાનેન મોક્ષ: એટલે જ્ઞાન થી મોક્ષ થાય છે
આ <u>નય</u> વાક્ય છે જે અધૂરું છે કારણ કે માત્ર જ્ઞાન થી
મોક્ષ થતો નથી. તે નય રીતે

ક્રિયયા મોક્ષ: એટલે ક્રિયા થી મોક્ષ થાય છે. આ
નય વાક્ય પણ અધૂરું છે. કારણ માત્ર ક્રિયા કરવાથી
મોક્ષ થતો નથી.

મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાન અને ક્રિયા બંને જરૂરી છે.
બંને નય (દ્રષ્ટિ) ને ભેગા કરીએ તો પ્રમાણ વાક્ય
બને છે.

જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ: આ પ્રમાણ વાક્ય છે.

<u>નિર્દેશ - સ્વામિત્વ - સાધન - અધિકરણ - સ્થિતિ - વિધાનતઃ:</u> - ૧-૭

નિર્દેશ (વસ્તુ કે તત્ત્વનું સ્વરૂપ), સ્વામિત્વ (માલિક),
સાધન (ઉત્પત્તિ થવાના નિમિત્તો), અધિકરણ (રહેવાનું સ્થાન)
સ્થિતિ (કાળ) અને વિધાન (પ્રકાર)
આ છ દ્વારોથી તત્ત્વોનું જ્ઞાન થઈ શકે છે.

ઉદાહરણ: સમ્યગ્દર્શન

(સ્વરૂપ): સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે.

(સ્વામિત્વ): સ. દર્શન નો માલિક આત્મા છે. (જીવ છે.)

(સાધન): સ. દર્શન નિસર્ગ અથવા અધિગમ એ પ્રકારે થાય છે.

(અધિકરણ): સ. દર્શન જીવ (આત્મા) માં રહે (વસે) છે.

(સ્થિતિ): ક્ષાયિક સમકિત માટે વિચારીએ તો સ. દર્શનનો કાળ સાદિ-અનંત છે અર્થાત પ્રગટ થયા પછી તેનો નાશ થતો નથી અનંત કાળ સુધી રહે છે.

(વિધાન): સ. દર્શનના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ ભેદ (પ્રકાર) છે.

## સત્-સંખ્યા-ક્ષેત્ર-સ્પર્શન-કાળ-અંતર-ભાવ-અલ્પબહુત્વૈશ્ચ સૂત્ર ૧-૮

---

સૂત્રાર્થ: સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ દ્વારોથી પણ તત્વોનું જ્ઞાન થઈ શકે છે.

ભાવાર્થ: સ. દર્શન ના ઉદાહરણથી વિચારીએ.

(૧) સત્ દ્વાર: સત્ એટલે સત્તા. વસ્તુ જગતમાં છે કે નહિ? સ. દર્શન આત્માનો ગુણ હોવાથી આત્મામાં હોય છે. ક્યાં હોય અને ક્યાં ન હોય તે વાત ઉપર માર્ગણાથી સમજવાની હોય છે.

(૨) સંખ્યા દ્વાર: વસ્તુના માલિકની સંખ્યા કેટલી? સ. દર્શન જેમાં હોય તેવા જીવો અસંખ્યાતા હોય છે.

(૩) ક્ષેત્ર દ્વાર: વસ્તુનો સ્વામી કેટલા ક્ષેત્રમાં હોઈ શકે? સ. દર્શનવાળા કોઈ જીવનું કે સર્વ જીવોનું ક્ષેત્ર લોક (ચૌદ રાજલોક)નો અસંખ્યાતમો ભાગ જ છે.

(૪) સ્પર્શના દ્વાર: વસ્તુ અથવા તેનો આધાર કેટલા ક્ષેત્રને સ્પર્શે? ક્ષેત્ર વર્તમાનકાળને આશ્રયીને ક્ષેત્રની વિચારણા કરવામાં આવે છે જ્યારે સ્પર્શનાની વિચારણા ત્રણે કાળને આશ્રયીને કરવામાં આવે છે. ક્ષેત્ર કરતાં સ્પર્શના અધિક હોય છે.

(૫) કાળ દ્વાર: વસ્તુ અથવા તત્ત્વો કેટલા કાળ સુધી રહે?
ઉપશમ સમ્યક્ત્વ: જઘન્ય (ઓછામાં ઓછું) અને ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) અંતર્મુહૂર્ત કાળ સુધી રહે.
ક્ષયોપશમ સમ્યક્ત્વ: જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ સુધી રહે.
ક્ષાયિક સમ્યક્ત્વ: અનંતકાળ સુધી રહે.

(૬) અંતર દ્વાર: વિરહ (વિયોગ) થાય તો કેટલો સમય રહે? એક વખતની પ્રાપ્તિ પછી સમ્યક્ત્વ જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તમાં રહેવા આવે. આ કાળ સુધી સ. દર્શનનો વિયોગ રહે છે. આ વિરહ ઉપશમ અને ક્ષયોપશમ સમ્યક્ત્વને આશ્રયી સમજવો.

(૭) ભાવ દ્વાર: પાંચ ભાવોમાંથી ક્યા ભાવે સ. દર્શન હોય? ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ ભાવે સ. દર્શન હોઈ શકે છે. ઔદયિક અને પારિણામિક ભાવે સ. દર્શન હોતું નથી.

(૮) અલ્પબહુત્વ દ્વાર: ઉપરના ત્રણ પ્રકારના સ. દર્શનમાંથી ઓછા, ક્યાં કોણ અને ક્યાં વધારે હોય? ઉપશમમાં સૌથી ઓછા, ક્ષયોપશમવાળા જીવો વધુ અને તેનાથી અધિક ક્ષાયિક સમ્યક્ત્વવાળા જીવ છે. મોક્ષમાં બધા જીવોને ક્ષાયિક સમકિત હોય છે.